PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૭/કવા–૦૪/૧૬–૧૭/ ८५४ તા. 30/01/17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
શેરસીયા નજરૂદીન નુરમામદ,
ગામ: પંચાસર,
તા. વાકાનેર
જી. મોરબી

વિષય :–ઘરવપરાશ વીજજોડાણ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૧–૧૨–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૦૭/કવા–૦૪/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 2)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી વાકાનેર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર પેટા વીભાગીય કચેરી,વાકાનેર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 02 [A]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૦૭/ક્વા–૦૪/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૨૫–૦૧–૧૭ | સ્થળ :–મોરબી |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**
અરજદાર (ફરીયાદી) : નામ: શેરસીયા નજરૂદીન નુરમામદ,ગામ: પંચાસર
રજુઆત કરનાર : અરજદાર શ્રી નજરૂદીન નુરમામદીન શેરસીયા હાજર રહેલ હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**
પીજીવીસીએલ (કચેરી) : શહેર પેટા વીભાગીય કચેરી,વાકાનેર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી વાકાનેર)
રજુઆત કરનાર :બી.ડી. ઝાલાવડીયા, કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી વાકાનેર

## : હુકમ :

**ફરીયાદ : ઘરવપરાશ વીજજોડાણ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચાઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ ને, ૨૪ કલાક વીજપુરવઠો ઉપલબ્ધ એવા – જયોતીગ્રામ ફીડર માથી, વીજપુરવઠો આપવાની, પીજીવીસીએલ ની શહેર પેટા વિભાગીય કચેરી વાકાનેર તરફથી કોઈ કાર્યવાહી થયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, મૌખીક ચર્ચાઓ તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી એ, ગામઃ પંચાસર ખાતેના, સીમતળ વિસ્તાર મા આવેલ એવા ખેતીવાડી હેતુ ની જમીન પર બનાવેલ મકાનમા, '' બી.પી.એલ. ઘરવપરાશ વીજજોડાણ યોજના '' હેઠળ, નવુ ઘરવપરાશ વીજજોડાણ મેળવવા માટે ની, નિયત અરજી ફોર્મ સાથે, જરૂરી દસ્તાવેજીક પેપર્સ જોડીને કચેરી મા અરજી રજુ કરેલ હતી. જેથી, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, અરજી સાથે જોડેલ દસ્તાવેજીક પેપર્સ વગેરે ને સાથે રાખીને, સ્થળ ચકાસણી કરવામા આવેલ હતી. જે સ્થળ ચકાસણી દરમ્યાન, માંગણી મુજબ નુ સ્થળ ખેતીવાડી હેતુ ની જમીન પર બનાવેલ મકાન હોવાનુ પીજીવીસીએલ ને જણાયેલ હતુ. સરકાર શ્રી ની નિયમાધીન– નિતિ વિષયક બાબતો ને આનુષાંગીક એવા, પીજીવીસીએલ મા પ્રવર્તમાન નિયમ મુજબ, આવા ઘરવપરાશ વીજજોડાણ ના મકાન મા, નવુ ઘરવપરાશ વીજજોડાણ, જે માત્ર ખેતીવાડી ફીડર ના વીજપ્રવાહ માથી જ આપવાની જોગવાઈ છે. પરંતુ, ૨૪ કલાક વીજપુરવઠો ઉપલબ્ધ એવા – જયોતીગ્રામ ફીડર માથી, વીજપુરવઠો આપવાની પીજીવીસીએલ ના નિયમાધીન જોગવાઈ નથી. આવા નિયમાધીન કારણોસર, ફરીયાદી અરજદાર શ્રી ને સદર, નવુ બીપીએલ કેટેગરી નુ ઘરવપરાશ વીજજોડાણ, જે આપવા બાબતે ની શહેર પેટા વિભાગીય કચેરી વાકાનેર તરફથી કોઈ કાર્યવાહી થયેલ નથી. આ બાબત પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| <u>૩.૧</u> | ફરીયાદી અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧.૧ મુજબ ની માંગણી ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ મુદદા નં.૨.૧ મુજબ ની વિગતે ની સ્પષ્ટતાઓ અભ્યાસે લેતા, ફરીયાદી અરજદાર શ્રી એ, તેમના ગામઃ પંચાસર ખાતે ના ખેતીવાડીની હેતુ ની જમીન પર બાંધકામ થયેલ મકાન મા, નવુ સીગલ ફેઇઝ – બીપીએલ કેટેગરી નુ ઘરવપરાશ વીજજોડાણ – જે ૨૪ કલાક વીજપુરવઠો ઉપલબ્ધ એવા – જયોતીગ્રામ ફીડર માથી – સદર જોડાણ મેળવવા માટે ની, જે માંગણી કરેલ છે. તે માંગણીવાળી બાબત, જે સરકાર શ્રી ની નિતિ–વિષયક બાબત ને આનુષાંગીક રહેતા, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, નિયમાધીન રીતે સ્વીકારવા યોગ્ય નથી. આમ, ફરીયાદી અરજદાર શ્રી ને, ખેતીવાડી હેતુ પર ની જમીન પર બાંધકામ કરાયેલ મકાન મા, જયોતીગ્રામ ફીડર માથી વીજપુરવઠો આપી શકાય નહી, સદર નિયમાધીન બાબતે ની જાણકારી અરજદાર શ્રી ને આપવાનો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

<u>મુદદા નં.–૪ :</u> **<u>હુકમ</u>**

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ની, ખેતીવાડી હેતુ પર ની જમીન પર બાંધકામ કરાયેલ મકાન મા, કરાયેલ નવા સીગલ ફેઇઝ, બીપીએલ કેટેગરી હેઠળ ના ઘરવપરાશ વીજજોડાણ ને, જયોતીગ્રામ ફીડર માથી વીજપુરવઠો મેળવવા માટે ની માંગણી, જે સરકાર શ્રી ની નિતિ–વિષયક બાબત અન્વયે ની પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય ન હોય, જેથી, ફરીયાદી અરજદાર શ્રી ની સદર માંગણી ફોરમ કમિટી કક્ષાએથી ગ્રાહય રહેલ નથી.સદર નિયમાધીન બાબતે ની જાણકારી અરજદાર શ્રી ને આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..